## <u>જ્ઞાનોત્સવ પ્રદર્શન</u>

**તા.૫,૬,૭ જાન્યુઆરી-૨૦૨૩**

**<u>તા. ૫ જાન્યુઆરી ૨૦૨૩ જ્ઞાનોત્સવ ઉદ્દ્ઘાટન સમારોહ</u>**

**કો.ઓર્ડિનેટર : અલ્પેશભાઇ પટેલ** **સબ-કો.ઓર્ડિનેટર : એલ.ડી.ભારદ્વાજ**

**વિદ્યાર્થીઓના જ્ઞાનનું આદાન – પ્રદાન થાય, કાચાને પાકા અને પાકાને પારંગત બનાવાય.**

કોઇ બાળક કાચુ કે નબળુ નથી. Every Child is Special દરેક બાળકની આંતરિક શકિતને ઓળખી તેને બહાર લાવવાના, તેમની શકિતને ઉજાગર કરવાના પ્રયત્નરૂપે પરમપૂજય શ્રી નારાયણ બાપુના સાંનિધ્યમાં આવેલ શાળા નારાયણ વિદ્યાલય ભરૂચમાં ત્રિદિવસીય જ્ઞાનોત્સવ કાર્યક્રમ યોજાયો. જેમાં ધોરણ ૧ થી ૧૨ (ગુ.મા.અને અં.મા.) ના **૧૬૮૩** વિદ્યાર્થીઓ દ્વારા સ્વરચિત જુદા જુદા વિષયો અને ક્ષેત્રો આધારિત **૫૮૦** પ્રોજેકટનું ભવ્ય પ્રદર્શન શાળાના નવા બિલ્ડીગ, જૂનું બિલ્ડીગ તથા ત્રિમૂર્તિ હોલ અંદર તથા બહાર સાથે ખાણી પાણી તથા ગેમ ઝોન એમ કુલ ૬ ઝોનમાં યોજવામાં આવ્યું હતું. જેમાં ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી, ચિત્ર જેવા વિષયો ઉપરાંત ધો. ૬ થી ૯ માં વિજ્ઞાનમાં આવતા તમામ પ્રયોગો તથા કેટલીક સામાજીક સમસ્યાઓ જેમ કે માતા – પિતાની અપેક્ષાઓ અને બાળકો તેને સંતોષવા કેટલા સક્ષમ છે. બોર્ડ પરીક્ષામાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ કઇ રીતે લાવવા, પરીક્ષાની ઉત્તરવહી કઇ રીતે લખવી, અક્ષર સુધારણા, વાંચન કઇ રીતે કરવું, યાદશકિત કઇ રીતે વધારવી જેવા મહત્વના વિષયો પર વિદ્યાર્થીઓએ પ્રેઝન્ટેશન કર્યુ. સાથે ટ્રાફિક નિયમન, પર્યાવરણ, અવકાશવિજ્ઞાન, ઇલેકટ્રોનિકસ, ઇન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ, મેક ઇન ઇન્ડિયા, ડિજીટલ ઇન્ડિયા, સેવા, સંસ્કાર, સંસ્કૃતિ એવા અનેક પ્રોજેકટ ઉપરાંત કોર્ટ, હોસ્પિટલ સહિત વિવિધ વિભાગોની કાર્યવાહીનું નાટકીય પ્રેઝન્ટેશન તથા પંચતંત્ર, રાજા વિક્રમાદિત્યની બત્રીસ પૂતળીઓની વાર્તા પણ નાટકીય સ્વરૂપે રજૂ કરવામાં આવી. આ પ્રદર્શન જોવા આવનાર તમામ તેમજ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રદર્શન જોયા બાદ ઇ-સર્ટીફિકેટ આપવામાં આવ્યા. આ પ્રદર્શનમાં ૨૦૦થી વધુ તજજ્ઞોએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી. જેમાં પ્રથમ દિવસે ખરોડ બી.એડ.કોલેજના તાલીમાર્થીઓ જોડાયા હતા. ૨૦૦ થી વધુ મહાનુભવો આ કાર્યક્રમમાં પધાર્યા અને વિદ્યાર્થીઓ સાથે જ્ઞાન ગોષ્ઠિ કરી હતી.

૫ જાન્યુઆરી પ્રોજેકટ પ્રદર્શનનો ઉદ્દ્ઘાટન સમારોહ ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક **ડૉ.લીના પાટીલ ની અધ્યક્ષતામાં યોજાયો. સાથે મા.શ્રી જગદીશભાઇ ચાવડા.** (Ex. FRC સભ્ય, કુલ ધર્મ સંપાદક, સુરત), **મા.શ્રી મહેશભાઇ પટેલ** (FRC સભ્ય અને ડાયરેકટરશ્રી વિદ્યાકુંજ કેમ્પસ સુરત), **મા. શ્રી ડાં.જેરામભાઇ પટેલ** (નિવૃત આચાર્યશ્રી કૃષિ યુનિ. ભરૂચ), **મા.શ્રી બેચરભાઇ રાઠોડ** (નારાયણ નગર સમિતિના અગ્રણી તથા પૂર્વ રાષ્ટ્રીય બામસેફ અધ્યક્ષ), **મા.શ્રી કૃણાલ શાહ**(પ્રાધ્યાપક શ્રી, વિદ્યાદીપ યુનિર્વસીટી સુરત) વગેરે મહાનુભવોએ દીપ પ્રાગટય કરી અલગ અલગ ઝોનને ખુલ્લો મૂકયો હતો. તમામ મહાનુભવોનું શાળાના ચેરમેન **મા.શ્રી હેમંતભાઇ પ્રજાપતિ** તથા શાળાના ડાયરેકટર **ડાં. ભગુભાઇ પ્રજાપતિ** દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પ્રાસંગિક ઉદ્દ્બોધન આપતા <u>જિલ્લા પોલીસ વડા **ડૉ.લીના પાટીલે**</u> જણાવ્યું હતું કે ક્રિએટીવીટી એન્ડ ઇનોવેશનનો આ ખૂબ સરસ કાર્યક્રમ છે, જે સારુ લર્નિગ કરી શકે છે તે જ ક્રિએટીવીટી કરી શકે છે તેના માટે શીખવું જરૂરી છે. કોઇ પણ બાબત સમજીને આત્મસાત કરીએ તો જ કંઇક નવુ કરી શકીએ. તેમણે ઇકોનોમી વિશે જણાવ્યું કે સર્વ પ્રકારના વ્યવસાયને સમાન દરજજો મળવો જોઇએ.

આ પ્રસંગે ઉપસ્થિત મહેમાન **<u>શ્રી મહેશભાઇ પટેલ</u>** (FRC સભ્ય અને ડાયરેકટરશ્રી વિદ્યાકુંજ કેમ્પસ સુરત) પ્રાસંગિક ઉદ્દ્બોધનમાં જણાવ્યું હતું કે નવી એજયુકેશન પોલીસી હજી આવી રહી છે જેની સૌ પ્રથમ શરૂઆત નારાયણ વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા થઇ ગઇ છે. તેમણે વિદ્યાર્થીઓના પ્રોજેકટ પ્રદર્શનની પ્રશંસા કરી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત મહેમાન **<u>શ્રી જગદીશભાઇ ચાવડા</u>** (Ex. FRC સભ્ય અને સંપાદક કુલધર્મ)એ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે ડાં.કલામ સાહેબનું સપનું હતું કે આપણો દેશ વિશ્વની મહાશકિત બને **"ઇન્સપાયર"** પુસ્તકમાં વિદ્યાર્થીઓ રાષ્ટ્રના ઉત્થાન માટે શુ કરી શકો તેનું એક વિઝન આપેલું છે. આ વિઝનને નવી એજયુકેશન પોલીસીમાં વિદ્યાર્થીઓને કેવી રીતે દેશના મહાન નાગરિક બનાવી શકાય તે જણાવ્યું છે. સમગ્ર શિક્ષણ વિભાગ તેને કાર્યરત કરવાનો છે. જેમાં ગુજરાત રાજય અને તેમા નારાયણ વિદ્યાલય દ્વારા તેની પ્રથમ શરૂઆત કરવામાં આવી છે.

આ પ્રસંગે નારાયણ નગર તથા તેની આસપાસના વિસ્તારના બાળકોને સારુ શિક્ષણ મળી રહે તે માટે અદ્યતન શાળાકીય બિલ્ડીગ આપનાર શાળાના ચેરમેનશ્રી હેમંતભાઇ પ્રજાપતિ તથા બાળકોના સર્વાગી વિકાસ માટે સદાય ચિંતન મનનશીલ એવા શાળાના ડાયરેકટર ડાં. ભગુભાઇ પ્રજાપતિનું સમસ્ત નારાયણ નગર કમિટી બેચરભાઇ રાઠોડ, ઉત્તમભાઇ મોદી, રોહિતભાઇ પારેખ, મુકેશભાઇ પટેલ, કાંતિભાઇ માસ્તર, હરિવદનભાઇ કાયસ્થ, ઇન્દ્રસિંહ બળવંતસિંહ પરમાર, ઠાકોરભાઇ પંચાલ અને દિલીપભાઇ પરીખ વિગેરે મહાનુભવોએ ઉપસ્થિત રહી સોસાયટી તરફથી સન્માન કરવામાં આવ્યું હતું. તથા સમસ્ત વાલીગણના પ્રતિનિધિરૂપ શ્રી રાજેશભાઇ પટેલે શ્રી જગદીશભાઇ ચાવડાનું સન્માન કર્યુ. તથા શાળાના દરેક કાર્યક્રમને લોકસમુદાય સુધી પહોંચાડનાર પત્રકાર એવા **શ્રી જગદીશભાઇ પરમાર**ને પણ સન્માનિત કરવામાં આવ્યા.

આ પ્રદર્શનનો લાભ લેવા માટે ઘણી બધી અન્ય શાળાઓ જેમ કે વેજલપુર મિશ્ર શાળા(૧૫), કતોપોર મિશ્રશાળા(૧૮), સ્ટેશન રોડ મિશ્રશાળા(૩૯), બી.એચ.મોદી. વેજલપુર, કંથારિયા કન્યા શાળા, પાયોનિયર હાઇસ્કૂલ, પ્રોગેસીવ હાઇસ્કૂલ, યુનિયન સ્કૂલ, મુન્શી નર્સિંગ કોલેજ, સાધના સ્કૂલ, બી.એડ. કોલેજ, ડાયેટ, ગંગુબેન હડકરસ્કૂલ, નારાયણ વિદ્યાવિહાર, ચંદનદાસ સ્કૂલ વગેરે શાળાના વિદ્યાર્થીઓ આવ્યા હતા સત્યમ બી.એડ. કોલેજ, મુન્શી બી.એડ.કોલેજ, કે.જે. પોલીટેક્નીક કોલેજ વગેરે કોલેજ અને સંસ્થાઓમાંથી પણ વિદ્યાર્થીઓએ પ્રોજેક્ટ પ્રદર્શનનો લાભ લીધો હતો. એમીટી સ્કૂલના **આચાર્યશ્રી પ્રકાશ મહેતાએ** કાર્યક્રમમાં પધારી બાળકો સાથે વાર્તાલાપ કર્યો. સાથે ઘણા બધા વાલીમિત્રો, અન્ય સદસ્યો, અને શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા પ્રણ પ્રદર્શનને નિહાળવામાં આવ્યું.
















